# આજે થાનગઢના પિડીત પરિવારોના સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે તા. ૧૮ માર્ચને સોમવારના રોજ સવારે ૧૨ કલાકે થાનગઢના પિડીત પરિવારો ધરણા યોજશે. થાનગઢ કેસને સાત વર્ષ વીતી ગયા હોવા છતા ન્યાયીક માંગણીઓ નહીં સંતોષાતા પિડીત પરિવારો ધરણા યોજી સરકાર સામે રોષ વ્યકત કરશે. રાજયના મહામહિમ રાજયપાલ અને ગાંધીનગર જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી ઝડપી ન્યાય મળે તે માટે રજુઆત કરશે. આ ધરણા કાર્યક્રમમાં સમાજના આગેવાનો, રાજકીય મહાનુભાવો સહિત સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહેશે.

શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે થાનગઢ પરિવારના ધરણા કાર્યક્રમમાં વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, અનૂ.જાતિ આયોગના પૂર્વ ઉપાધ્યક્ષ રાજુભાઈ પરમાર, દસાડાના ધારાસભ્ય નોશદ સોલંકી અને દહેગામના પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડ, સહિત અતિથી વિશેષ તરીકે અંબાલાલ જેપાલ (એડવોકેટ)ગાંધીનગર, મંજુલાબેન પ્રદિપ, કીરીટભાઈ રાઠોડ, અશોક સમ્રાટ, ડો.નિતિનભાઈ ગુર્જર, ડી.ડી.સોલંકી, નાગજીભાઈ ચૌહાણ, ચિરાગ પરીખ, પ્રવિણ વાઘેલા ઉપસ્થિત રહેશે. જયારે પરિવારની ન્યાયીક માંગણીઓમાં પિડીત પરિવારોને પેન્શન યોજના આપવી, અથવા પરિવારમાંથી કોઈપણ એક વ્યકિતને સરકારી નોકરી આપવી, એટ્રોસીટી એકટના નવા સુધારા ૨૦૧૮ મુજબ ચાર્જશીટ થઈ ન હોવાથી મળવાપાત્ર સહાય ચુકવવી, સીટની રચના કરવામાં આવી છે તો સીટની તપાસની માહીતી પરિવારોને આપવી, થાનગઢ હત્યાકાંડનો સંજય પ્રસાદનો રીપોર્ટ જાહેર કરવો, સહિતની ન્યાયીક માંગણીઓ છેલ્લા ઘણા સમયથી પડતર છે. આજદિન સુધી ઉકેલ આવ્યો નથી, ત્યારે પરિવારો દ્વારા ધરણા યોજીને આવેદન પત્ર પાઠવી ઝડપી ન્યાયીક માંગણીઓનો ઉકેલ આવે તે માટે યોગ્ય કરવા રજુઆત કરવામાં આવશે. જો થાનગઢના પરિવારોની ન્યાયીક માંગણીઓ સંતોષવામાં નહીં આવે તો ગામડેથી રાજયવ્યાપી આંદોલન શરુ કરવામાં આવશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

નાના બાળકોમાં રોગ પ્રતિકારક શક્તિ વધે, મેધાશક્તિ વધે, બાળકોનો સંપૂર્ણ વિકાસ થાય તેવા હેતુસર ભારતીય આયુર્વેદમાં ઋષિમુનિઓ દ્વારા સૂચવેલ પદ્ધતિએ યોજનાપૂર્વક બનાવાયેલ ઉત્તમ રસાયણ ''સુવર્ણપ્રાશન''નું દર માસના પુષ્યનક્ષત્રમાં પીવડાવવામાં આવે છે. રવિવારે પુષ્યનક્ષત્ર નિમિત્તે શહેરમાં સરકારી આયુર્વેદ હોસ્પિટલ દ્વારા સુવર્ણપ્રાશન પીવડાવવાનો ઉપક્રમ હાથ ધરાયો હતો.

# લોકસભાની બેઠક ફાળવણીમાં રાજપૂત સમાજને પુરતુ પ્રતિનીધિત્વ આપવા માંગ

ગાંધીનગર, તા.૧૭

ભારતીય જનતા પાર્ટીમાં રાજપૂત સમાજની પ્રબળ ઉમેદવારી માટે સમગ્ર રાજપૂત સમાજના અગ્રણીઓના પ્રતિનિધી મંડળે ભાજપના પ્રદેશ પ્રભારી ઓમપ્રકાશ માથુર અને પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી સાથે બેઠક યોજી હતી. ગુજરાત વિધાનસભાની બેઠકોની ફાળવણીમાં રાજપૂત સમાજને થયેલા અન્યાય સામે આગામી લોકસભામાં રાજપૂત સમાજને પુરતો ન્યાય મળે અને રાજપૂત સમાજના પ્રતિનિધીત્વ માટે પ્રબળ દાવેદારોને ભારતીય જનતા પાર્ટી દ્વારા યોગ્ય ન્યાય આપી યોગ્ય સંખ્યામાં બેઠકો ફાળવવામાં આવે તેવી રજુઆત આ બેઠકમાં કરવામાં આવી હતી.

સમાજના અગ્રણીઓએ ભાજપના પ્રદેશ પ્રભારી અને પ્રદેશ પ્રમુખ સાથે યોજેલી ખાસ શુભેચ્છા મુલાકાતમાં રાજપૂત સમાજને થયેલા અન્યાય બાબતે રજુઆત કરી હતી અને સમાજના સક્ષમ ઉમેદવારોને બેઠકો ફાળવવા માટે પસંદ કરવાની લાગણી વ્યકત કરવામાં આવી હતી.

## લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસના સ્ટાર પ્રચારકો ગુજરાતમાં ૧૦૦થી વધુ સભાઓ ગજવશે

ગાંધીનગર,તા.૧૭

લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર થઈ ચૂકી છે અને આગામી ૨૩ એપ્રિલે ગુજરાતમાં લોકસભાની ચૂંટણી યોજાશે. જેને લઈને ગુજરાત કોંગ્રેસ દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. જેને માટે ચાર ઉમેદવારોના નામ પણ જાહેર થઈ ચૂક્યા છે. ૨૨ સીટો પર પણ એકાદ દિવસમાં નામ જાહેર થઈ શકે છે.

આ વખતે ગુજરાતમાં વધુમાં વધુ સીટો જીતવા માટે કોંગ્રેસ તમામ પ્રયત્ન હાથ ધર્યા છે અને કોંગ્રેસે વિધાનસભા વખતે અલ્પેશ ઠાકોર અને લોકસભા વખતે પાટીદાર નેતા હાર્દિક પટેલને કોંગ્રેસ પક્ષમાં સમાવી પોતાની દાવેદારી મજબૂત કરી છે.

ગત લોકસભામાં કોંગ્રેસે ૨૬માંથી ૨૬ બેઠકો ગુમાવી હતી, ત્યારે આ વખતે એ પરિસ્થિતિનું પુનરાવર્તન ન થાય તે માટે કોંગ્રેસ રણનીતિ બનાવી રહી છે. લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ ગુજરાતમાં ૧૦૦થી વધુ સભાઓ ગજવશે. કોંગ્રેસના સ્ટાર પ્રચારકોમાં રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી ગુજરાતમાં સભાઓ કરશે તદ્ઉપરાંત સોનિયા ગાંધી, કમલનાથ, કેપ્ટન અમરિંદરસિંહ, અશોક ગહેલોત, જ્યોતિરાદિત્ય સિંધિયા, સચિન પાયલટ, રાજ બબ્બર, નવજોતસિંહ સિદ્ધુ સહિતના નેતાઓ ગુજરાતમાં સભા સંબોધશે. ડોકટર મનમોહનસિંહ, આનંદ શર્મા, સામ પિત્રોડા પત્રકાર પરિષદો યોજશે.

## બજરંગદળના યુવા સપ્તાહમાં રામધૂન

ગાંધીનગર જિલ્લા બજરંગદળ દ્વારા તા. ૧૦ માર્ચથી ૧૭ માર્ચને ''યુવા સપ્તાહ'' તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. જેને પગલે અખિલ ભારતીય યોજના અનુસાર જિલ્લા બજરંગદળ દ્વારા શહેરના સેક્ટર-૨૦માં રામાપીરના મંદિર ખાતે રામધૂનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બજરંગદળ પ્રમુખ શક્તિસિંહ ઝાલા, વિશ્વ હિન્દુ પરિષદના શહેર ઉપપ્રમુખ માનસીંગભાઈ ચૌધરી સહિત બજરંગદળના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા.

## હોળી-ધૂળેટીના પર્વમાં

# ઘરનોકરો વતન તરફ, ગૃહીણીઓનો મિજાજ બેરંગ : જાત મહેનત જીંદાબાદ

ગાંધીનગર, તા. ૧૭

હોળીના તહેવારને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે હોળીલક્ષી તૈયારીઓ બાળકથી માંડી યુવાનોમાં પુરજોશથી ચાલી રહી છે. સમગ્ર રાજસ્થાનમાં હોળીનું મહત્વ વધુ હોય છે. ગાંધીનગરમાં કામ કરતો મજૂર વર્ગ કે જે આ વિસ્તારમાંથી આવીને અહીં કોઈ ઘરમાં રામા તરીકે કામ કરે છે તો કોઈ બિલ્ડીંગ કન્સ્ટ્રકશન ક્ષેત્રે મજૂરીકામ કરે છે. દરેક પોતાના વતન તરફ વળ્યા છે. આ વર્ગના જવાથી ગૃહીણીઓને ઓછામાં ઓછા દસથી પંદર દિવસ સુધી ઘરના કામકાજ માટે જાત મહેનત જીંદાબાદનો અભિગમ અપનાવવો પડશે તથા બિલ્ડીંગ કન્સ્ટ્રકશનની સાઈટ પર પણ થોડા દિવસ કામ બંધ રહેશે. નોંધનીય છે કે એસ.ટી. નિગમ દ્વારા આ વર્ગને તેમના ગામ તરફ જવા માટે થોડા દિવસ પુરતુ બસનો વધારો કરી આપવામાં આવ્યો છે.

**બિલ્ડીંગ કન્સ્ટ્રકશનના કામો પણ ઠપ્પ થઈ જશે ! રાજસ્થાન સહિત આદીવાસી વિસ્તારમાં ઘરઘાટી અને મજૂરોને જવા માટે વિશેષ બસ સેવા**

જેમ દિવાળીનો તહેવાર સમગ્ર ભારતભરમાં ઉજવાય છે ત્યારે સમગ્ર રાજસ્થાનમાં હોળીનુ મહત્વ તેનાથી પણ વિશેષ રહેલુ છે. શહેરમાં હોળી રંગેચંગે ઉજવાય જ છે પરંતુ જેમ આપણે દીવાળી ઉજવવા આપણા વતન જઈએ તેમ નગરમાં રહેતો મજૂર વર્ગ પણ હોળી તહેવારને વિશેષ મહત્વનો માની તેમના વતન ચાલ્યો જાય છે. જેમકે તેમણે હોળીનું વેકેશન લીધુ હોય. આ મજૂર વર્ગ શહેરમાં અલગ અલગ જગ્યાએ કામ કરતા હોય છે. કન્સ્ટ્રકશન સાઈટ જ્યા મજૂર વર્ગ દ્વારા જ બિલ્ડીંગ કન્સ્ટ્રકશનનું કામ આગળ વધે છે ત્યાં પણ હોળીના આ દિવસો અને ત્યારબાદના થોડા દિવસો માટે કામગીરી ઠપ્પ થઈ જશે. કેટલાક મજૂરો તો માલિકને કહ્યા વગર જ ગામડે જવા ઉપડી જાય છે.

આ ઉપરાંત ઘર નોકરો જેમના પર ગૃહીણીના ઘરકામનો આધાર રહેલો છે. આમ તો કહ્યા વગર મહિનાની બે-ત્રણ રજાઓ ઘરનોકરો રાખે જ છે ઉપરથી આ હોળીના લાંબા વેકેશન પર જવાથી થોડા દિવસો માટે ગૃહીણીઓની હાલત કફોડી બની જશે. તહેવારો આવતા કામનો વધારો તો રહેશે જ સાથે સાથે ઘર નોકરોની ગેરહાજરીની ગૃહીણીઓને મુશ્કેલી પડશે.

એસટી નિગમ દ્વારા પણ રાજસ્થાન તથા તે સિવાયના વિસ્તારમાં જ્યાં મજૂર વર્ગ વધારે છે તેઓ માટે દસથી વધુ બસો મુકાઈ છે. એકબાજુ મજૂર વર્ગની ખુશી માટે સરકાર દ્વારા મદદરૂપ કાર્ય થઈ રહ્યુ છે અને બીજી બાજુ ગૃહીણીઓ ઘરનોકરોની ગેરહાજરીથી પરેશાન છે.

## સ્વ. ગૌતમ પ્રજાપતિના પરિવારને આર્થિક મદદ પુરી પડાઈ

જાનેવાલે કભી નહી આતે, જાનેવાલોકી યાદ આતી હૈ... તાજેતરમાં પેથાપુરના ફોટોગ્રાફર-વિડિયોગ્રાફર ગૌતમભાઈ પ્રજાપતિનું તાજેતરમાં યુવાન વયે માર્ગ અકસ્માતમાં કરૂણ નિધન થતાં શહેરના સમગ્ર ફોટોગ્રાફી-વિડિયોગ્રાફી સાથે સંકળાયેલા વ્યવસાયિક આલમમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. ગૌતમભાઈ પ્રજાપતિના પરિવાર માથે પણ તુટી પડેલી આ આફતની ઘડીમાં ગાંધીનગરના તમામ ફોટોગ્રાફર-વિડિયોગ્રાફર મિત્રોએ ''ફુલ નહી તો ફુલની પાંખડી''ના ન્યાયે રૂ. ૫૭ હજાર એકઠા કરી તેનો ચેક દિવંગતના પરિવારજનોને અર્પણ કરી માનવતાભરી સંવેદનાના દર્શન કરાવ્યાં છે. આ સાથે તમામ મિત્રોએ દિવંગતના આત્માને સદ્ગતિ પ્રાપ્ત થાય અને પરિવારને દુઃખની ઘડીમાંથી જલ્દી બહાર આવવાની ઈશ્વર શક્તિ આપે તેવી પ્રાર્થના વ્યક્ત કરી હતી.

# મોદી 'ચાયવાલા'ની પાંચ વર્ષની નોકરી પૂરી, હવે ચોકીદાર શાસન કરવા તૈયાર

## BJPની મુશ્કેલીમાં વધારો કરતી VVIP બેઠક ગાંધીનગર - ત્રણેય મજબૂત દાવેદાર

ગુજરાત અને ભારતમાં ભાજપનો વિજય કોંગ્રેસને આભારી છે. રાજ્યની છેલ્લી ચાર વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના નેતાઓએ નરેન્દ્ર મોદીને આપેલા ઉપનામ તેમના માટે ચૂંટણીનો મુખ્ય મુદ્દો બની ગયા છે. મોદીના રાજકીય ઈતિહાસ પર નજર કરીએ તો તેમને મળેલા ઉપનામો તેમના માટે સત્તાનો એક્કો સાબિત થયા છે. કોગ્રેસના નેતા મણીશંકર ઐયરે તો ૨૦૧૪માં હદ પાર કરીને એવું કહ્યું કે 'અમારી કોંગ્રેસની ઓફિસમાં મોદીને તો ચાયવાળા તરીકે પણ નોકરી મળે નહીં.' આ વિધાન કોંગ્રેસને ભારે પડ્યું અને ૨૦૧૪માં 'ચાય પે ચર્ચા' અને 'મોદી કિટલી' નો પ્રભાવ એટલો વધી ગયો કે ભાજપને દિલ્હીની સલ્તનત કોંગ્રેસે ભેટમાં આપી દીધી. મોદીએ જાતે જ કહ્યું કે હા, મેં વડનગરના રેલવે સ્ટેશન પર ચાય વેચી છે. ૨૦૦૭ની વિધાનસભા ચૂંટણીમાં સોનિયા ગાંધીએ મોદીને 'મોતના સોદાગર' કહ્યા અને મોદી મુખ્યમંત્રી બની ગયા. ૨૦૧૨માં કોંગ્રેસના એક નેતાએ મોદીની સરખામણી હિટલર સાથે કરી અને મોદીએ વિજયની હેટ્રીક કરી દીધી. ભાજપને ચૂંટણીમાં રૂપિયા ખર્ચવાની જરૂર ન રહી કેમ કે કોંગ્રેસે જ તેમને ચૂંટણીના મોટા મુદ્દા આપી દીધા. હવે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ રફાલ ના સોદાનો વિવાદ ઉભો કરીને નરેન્દ્ર મોદીને 'ચોકીદાર હી ચોર હે' ની નવી ઉપમા આપી છે. મોદીએ રાહુલના આ વિધાન સામે 'મૈં ભી ચોકીદાર હૂં' એવું સૂત્ર વહેતું કર્યું અને ભાજપના નેતાઓ તેમજ કાર્યકરો અને શુભેચ્છકોએ 'મૈં ભી ચોકીદાર હું' નો હેશટેક લગાવીને ભાજપનો પ્રચાર શરૂ કરી દીધો છે. લોકસભાની બન્ને ચૂંટણીમાં ફરક એટલો છે કે ૨૦૧૪મા મોદી 'ચાયવાલા' હતા અને ૨૦૧૯માં 'ચોકીદાર' બની ગયા છે. હવે આ ચૂંટણીમાં 'ચાય પે ચર્ચા નહીં' પણ 'ચોકીદાર હી ચોર હે' વર્સિસ 'મૈં ભી ચોકીદાર હૂં' ના નારા દેશભરમાં શરૂ થયા છે.

**ભાજપની જાન ગાંધીનગર બેઠકમાં અટકી છે...**

ગુજરાત ભાજપમાં લોકસભાના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે ભાજપના પ્રદેશના મોટાભાગના નેતાઓએ ચૂંટણી લડવાની તૈયારી બતાવી છે. ત્રણ દિવસ સુધી ભાજપની પાર્લામેન્ટરી બોર્ડની બેઠક ઉમેદવારોના નામની પેનલો તૈયાર કરીને નવી દિલ્હી મોકલશે અને રાજ્યના ૨૬ ઉમેદવારોની ફાઈલન યાદી દર વખતની જેમ દિલ્હીથી રિલીઝ કરાશે. આ ચૂંટણીમાં મહત્વની બાબત એવી છે કે ચૂંટણી લડવાના દાવેદારોમાં અમિત શાહ, આનંદીબહેન પટેલ, વજુભાઈ વાળા અને કેટલાક નેતા પુત્રો મેદાનમાં છે. પાર્ટી સૂત્રો કહે છે કે ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીને આ વખતે હાઈકમાન્ડ ગાંધીનગરની લોકસભા બેઠકના ઉમેદવાર બનાવવા રાજી નથી, પરંતુ ગાંધીનગરની વીવીઆઈપી બેઠક પર અમિત શાહ અને આનંદીબહેન પટેલની દાવેદારી છે તેથી પાર્ટી માટે મુશ્કેલીઓ વધી છે. ૨૦૧૪માં ભાજપની યાદીમાંથી અડવાણીને બાકાત કરી દેવામાં આવતા તેમણે વિવાદ ઉભો કર્યો હતો અને છેવટે અડવાણી ટીકીટ લઈ આવ્યા હતા પરંતુ આ વખતે એવો કોઈ સ્કોપ નથી. પાર્ટીએ મન બનાવ્યું છે કે ગાંધીનગર બેઠક પરથી અન્ય કોઈ આયાતી ઉમેદવારને ટીકીટ આપવામાં આવશે. આ બેઠક પર ભાજપના ઉમેદવાર અડવાણી ૧૯૮૯થી ચૂંટાઈને આવે છે. તેમણે આ બેઠક ૧૯૯૬માં તેમના સાથી અટલ બિહારી વાજપેયી માટે ખાલી કરી હતી પરંતુ ૧૯૯૮થી અડવાણીએ આ બેઠક પરથી વિજય મેળવ્યો છે. ૧૦૮૪ પછી કોંગ્રેસનો કોઈપણ ઉમેદવાર આ બેઠક પરથી ચૂંટણી જીત્યો નથી. કોંગ્રેસના ફિલ્મી નેતા રાજેશ ખન્નાને પણ ભાજપના વિજય પટેલ જેવા જૂનિયર નેતાએ હરાવ્યા હતા.

**પાંચ બેઠકોમાં કોંગ્રેસ ચૂંટણી ખર્ચ બચાવી શકે...**

ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો પેકી પાંચ બેઠકો એવી છે કે જેમા કોંગ્રેસને કોઈ મજબૂત ઉમેદવાર મળતા નથી. અમદાવાદની પૂર્વ અને પશ્ચિમની બેઠકમાં તો કોંગ્રેસને વકરો એટલો નફો છે. કોઈ કાળે કોંગ્રેસ અમદાવાદની આ બન્ને બેઠકો જીતી શકે તેવી સ્થિતિ નથી. કોંગ્રેસ માટે નબળી બેઠકમાં વડોદરા અને સુરતની બેઠક આવે છે. સિટી વિસ્તારની આ બેઠકમાં કોંગ્રેસ પાસે કરિશ્માયુક્ત નેતા નથી. આ બેઠકોમાં વિધાનસભાની ચૂંટણીમાં પણ કોંગ્રેસને ઉમેદવારો મળતા નથી. રહી વાત ગાંધીનગર લોકસભા બેઠકની તો, કોંગ્રેસ પાસે આ બેઠકમાં પ્રતિસ્પર્ધી ભાજપને હંફાવી શકે તેવા નેતા નથી. કોંગ્રેસના એક સિનિયર આગેવાન કહે છે કે શહેરી વિસ્તારની આ પાંચ બેઠકોમાં કોંગ્રેસે ચૂંટણી ખર્ચ કરવાની જરૂર નથી, કારણ કે પાર્ટી પાસે વિજય મેળવી શકે તેવો કોઈ ઉમેદવાર નથી. જો કોંગ્રેસને આ પાંચ બેઠકો મળે તો ગુજરાતમા કોંગ્રેસને ૨૬ બેઠકો જીતી જતાં મોદી કે ભાજપ રોકી શકે તેમ નથી.

**લોકસભા સાથે વિધાનસભાનો પ્રચાર થશે...**

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી ૨૩મી એપ્રિલના રોજ થવાની છે ત્યારે તેની સાથે કોંગ્રેસના ધારાસભ્યોના રાજીનામાંથી ખાલી પડેલી પાંચ બેઠકો પર એ જ દિવસે મતદાન થવાનું છે. બન્ને પાર્ટીઓ વિધાનસભાની પેટા ચૂંટણીના ઉમેદવારો નક્કી કરી રહી છે અને તેમનો લોકસભાની સાથે જ પ્રચાર થવાનો છે. કોંગ્રેસમાંથી રાજીનામું આપીને ભાજપમાં કેબિનેટ મંત્રી બનેલા જવાહર ચાવડા (માણાવદર)ને મંત્રીપદ બચાવવા માટે વિધાનસભાની ચૂંટણી ફરજીયાત લડવી પડશે. તેમને અને કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય આશા પટેલ (ઉંઝા), પુરૂષોત્તમ સાબરિયા (ધ્રાંગધ્રા) અને વલ્લભ ધારવિયા (જામનગર-ગ્રામ્ય) ને ભાજપે ટીકીટ આપવાનું નક્કી કર્યું છે તેથી કોંગ્રેસે આ બેઠકો પર નવા ઉમેદવારો પસંદ કરવાના રહે છે. જ્યારે તલાલા બેઠક એવી છે કે ભ્રષ્ટાચારના કેસમાં સજા પામેલા કોંગ્રેસના ભગા બારડ તો ચૂંટણી લડી શકે તેમ નથી તેથી બન્ને પાર્ટીએ નવા ઉમેદવારો શોધવા પડશે. આ પાંચ બેઠકોની પેટા ચૂંટણી લોકસભા સાથે હોવાથી વિધાનસભા બેઠકના ઉમેદવારો માટે લોકસભાના સ્ટાર કેમ્પેઈનરો કામ લાગશે. આ બેઠકો માટે પાર્ટીના રાષ્ટ્રીય નેતાઓને ગુજરાત આવવું નહીં પડે. એટલું જ નહીં બન્ને પક્ષના આ પાંચ ઉમેદવારોને ચૂંટણી ખર્ચમાં પણ મોટી રાહત મળી શકે તેમ છે.

**લોકસભા પછી રાજ્યસભાની ૩ બેઠકોની ચૂંટણી...**

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પછી એપ્રિલ ૨૦૨૦માં રાજ્યસભાના ચાર સભ્યોની ખાલી પડેલી બેઠકોની ચૂંટણી આવી રહી છે. આ ચૂંટણી સામાન્ય રીતે માર્ચ મહિનામાં થતી હોય છે. આ વખતે કોંગ્રેસમાંથી મધુસુદન મિસ્ત્રી નિવૃત્ત થઈ રહ્યાં છે, જ્યારે ભાજપમાંથી લાલસિંહ વડોદિયા, શંભુપ્રસાદ ટુંડિયા અને ચીનુભાઈ ગોહિલ નિવૃત્ત થવાના છે. વિધાનસભામાં સંખ્યાબળની રીતે જોઈએ તો પહેલાં કોંગ્રેસ માટે બીજી બેઠક જીતવાનો ચાન્સ હતો પરંતુ છ ધારાસભ્યો ખોઈ દેતાં હવે બીજી બેઠક મળી શકે તેમ નથી. ભાજપના ધારાસભ્યોની સંખ્યા વધતાં હવે ભાજપને રાજ્યસભાની ચૂંટણીમાં ત્રણ બેઠકો મળી શકે છે. ગુજરાત વિધાનસભામાં હાલ ભાજપના સભ્યોની સંખ્યા ૧૦૦ છે જ્યારે કોંગ્રેસના સભ્યો ઘટીને ૭૧ થયાં છે. એનસીપીના એક સભ્ય, ભારતીય ટ્રાયબલ પાર્ટીના બે અને ત્રણ અપક્ષ સભ્યો છે. પાંચ બેઠકો ખાલી છે જેની ચૂંટણી ૨૩મી એપ્રિલે થવાની છે. ભાજપે કોંગ્રેસના તૈયાર સભ્યોને લઈને ૯૯ બેઠકોનું મહેણું ભાગ્યું છે. એટલું જ નહીં લોકસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસના સભ્યોને ભાજપમાં જોડી દેતાં ભાજપ માટે લોકસભાની નબળી બેઠકો સબળ બની હોવાનું કહેવાય છે. કોંગ્રેસમાં જો દમ હોય તો લોકસભાની પાંચ થી સાત બેઠકો ઉપરાંત વિધાનસભાની પાંચ પેટા ચૂંટણી જીતે તો પણ ગુજરાત એકમનું નાક જળવાઈ રહેશે.

**પ્રચારમાં રામ મંદિર અને બેકારી શબ્દ નહીં હોય...**

લોકસભાની ચૂંટણીમાં દેશની આર્થિક અને સામાજીક સ્થિતિ, ખેડૂતોના પ્રશ્નો, યુવાનોની બેકારી, મોંઘવારી, ભાવવધારો, કાયદો અને વ્યવસ્થા, ત્રાસવાદ, નક્સલ વાદ, પ્રાંતવાદ, જાતિવાદ અને છેલ્લા દિવસોમાં બહુ ચગેલા રામમંદિર બાંધવાના મુદ્દાઓ વિસરાઈ ગયા છે. હવે તો માત્ર 'ચોકીદાર ચોર હે' અને 'મૈં ભી ચોકીદાર હૂં' વચ્ચે લોકસભાનો જંગ ખેલાવાનો છે. કેન્દ્રની મોદી સરકાર નોટબંધી અને જીએસટીના અમલ પછી દેશની આર્થિક સ્થિતિ નબળી પડી છે પરંતુ તે મુદ્દો ચૂંટણીનું લક્ષ્ય બની શકે તેમ નથી. આજે પેટ્રોલ અને ડીઝલના રોજબરોજ વધતા જતાં ભાવને પણ કોઈ પૂછતું નથી. લોકો માત્ર ચોકીદારને પૂછે છે. લોકોને એરસ્ટ્રાઈકની મજા આવી છે. ત્રાસવાદના એપિસેન્ટર પાકિસ્તાનને નરેન્દ્ર મોદી અને તેમના સ્ટાર પ્રચારકો કેટલા ઝનૂનથી ગાળો બોલે છે તેના પર વિજયનો સિક્કો લાગવાનો છે. રાજકીય તજજ્ઞોના મતે મોદી સરકારના સમયમાં એરફોર્સની સર્જીકલ સ્ટ્રાઈક ભાજપની વિજયનું મહત્વનું કારણ બની શકે છે. કોંગ્રેસનો મુખ્ય ચૂંટણી મુદ્દો રાફેલ ડીલ અને નરેન્દ્ર મોદી ('ચોકીદાર હી ચોર હે') હોઈ શકે છે, આમ છતાં ગુજરાતમાં બદલાતા જતાં રાજકીય સમીકરણો વચ્ચે ભાજપ માટે હજી પણ કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, સુરેન્દ્રનગર, જૂનાગઢ, અમરેલી, આણંદ, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, બારડોલી અને વલસાડ બેઠક નબળી માનવામાં આવે છે. આ વિસ્તારોમાં એકફોર્સની સર્જીકલ સ્ટ્રાઈક, પાકિસ્તાન અને 'મૈં ભી ચોકીદાર હૂં' સૂત્ર કેટલું સફળ થાય છે તે મતદારોના મૂડ પર આધારિત છે. બીજા રાજ્યોની સરખામણીએ ગુજરાતના મતદારો ઈમોશનલ છે. તેમને ક્યા નેતા ઈમોશનલ બનાવે છે તેના પર બધો આધાર છે.

**દેશમાં લોકશાહીની તંદુરસ્તીને નેતાઓનું ગ્રહણ...**

લોકસભાની ચૂંટણીમાં રાજકીય પાર્ટીઓનો વાણી વિલાસ જોતાં એવું લાગે છે કે લોકશાહીની તંદુરસ્તીને નેતાઓનું ગ્રહણ લાગ્યું છે. સાક્ષરતા જેમ વધતી જાય છે તેમ નિરક્ષરોનું પ્રમાણ વધી રહ્યું છે. ચૂંટણી સભામાં વ્યક્તિગત આક્ષેપબાજીથી વિરોધી વ્યક્તિને હલકી ચિતરવાની ફેશન શરૂ થઈ છે. ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીમાં જ્યારે ચૂંટણી લડવામાં આવતી હતી ત્યારે પ્રવચનોની તંદુરસ્તી આંખ સામે તરી આવતી હતી. મતદારોને મૂંઝવણ હતી કે કોને મત આપવો અને કોને જાકારો આપવો. મતદારો નિર્ણય લઈ શકતા ન હતા. ભાજપમાં અટલ બિહારી વાજપેયીનો સમય હતો ત્યારે તેઓ ઈન્દિરા ગાંધી કે રાજીવ ગાંધીની સરકારોની ટીકાઓ કરતા હતા પરંતુ વ્યક્તિગત આક્ષેપોથી તેઓ દૂર રહેતા હતા. વાજપેયી જ્યારે સભા સંબોધે ત્યારે પહેલી હરોળમાં કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓ ગોઠવાઈ જતા હતા. વાજપેયીની ચૂંટણી સભાઓ સાંભળવી એ લહાવો હતો. સુંદરતા અને કાવ્યાત્મક રીતે તેઓ ઈન્દિરા ગાંધીના શાસનની ટીકા કરતાં હતા. આજના રાજકીય નેતાઓ પાસેથી શાલિનતા અને ખેલદિલી શબ્દોની અપેક્ષા રાખી શકાય તેવી નથી. કોંગ્રેસના મહામંત્રી પ્રિયંકા ગાંધી જ્યારે ગુજરાત આવ્યા ત્યારે તેમણે જે પ્રથમ પ્રવચન કર્યું તે સોચનિય છે. તેમણે મોદીના નામનો ઉલ્લેખ સુદ્ધાં કર્યો ન હતો અને તેમની સરકારને ઝાટકી હતી. એક તબક્કે તેમનામાં ઈન્દિરા ગાંધીની ઝલક દેખાતી હતી. પ્રચારમાં જ્યાં સુધી સૌમ્યતા નહીં હોય ત્યાં સુધી મતદારોને નેતાઓ મૂંઝવી શકતા નથી. ખરી ચૂંટણી તો એ છે કે મતદારો વિચાર કરતો થઈ જાય કે બન્ને બળિયામાંથી કોને મત આપવો. આ જ ખરો પ્રચાર છે. આ જ ખરી કસોટી છે. બાકી તો ભાજપ અને કોંગ્રેસ ભક્તોની દેશમાં ખોટ નથી.

ટાઈમ લાઈન
- ગૌતમ પુરોહિત

## મતદારો મૂંઝાય કે મારે કોને મત આપવાનો છે ? એવી શાલિનતા ક્યાંથી આવશે

## કોંગ્રેસ લોકસભા તો ઠીક વિધાનસભાની ગુમાવેલી ૫ બેઠક જીતે તો પણ ફાયદો છે